R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 19•ISSUE: 13 DATE: 28-03-2015•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અભિવ્યક્તિની સ્વતંત્રતાના બંધારણીય અધિકારનુ ઉલ્લંઘન કરતો કાળો કાયદો સુપ્રીમ કોર્ટે નાબુદ કર્યો

સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.જેમાં ઇન્ટરનેટ પર ઉશ્કેરણીજનક પોસ્ટ માટે ધરપકડની પોલીસને પરવાનગી આપતી ઈન્ફરર્મેશન એન્ડ ટેકનોલોજી એક્ટની વિવાદાસ્પદ કલમ ૬૬એને ગેરબંધારણીય ઠરાવી હતી.અને તેને રદ કરી નાંખી હતી.જો કે કોમી અશાંતિ,સામાજિક અવ્યવસ્થા સર્જી શકે અથવા તો ભારતના વિદેશો સાથેના સબંધો પર અસર પાડી શકે તેવી સંભવિત ઓનલાઇન પોસ્ટ કરાતી સામગ્રી માટે સરકારને વેબસાઇટને બ્લોક કરવાની પરવાનગી અદાલતે આપી હતી.

છેલ્લા કેટલાક સમયથી ઈન્ટરનેટના ઉપભોક્તાઓ માટે આ કાયદો ખલનાયક સમાન બન્યો હતો.૬૬એ કલમને રદ કરી નાંખતા જસ્ટીસ જે. ચેલમેશ્વર અને આર.એફ.નરીમાનની બેન્ચે જણાવ્યુ હતું કે આઈટી એક્ટની કલમ ૬૬ બંધારણમાં આપેલ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર સીધી અસર કરતી હતી.કલમ ૬૬એ ડેન્જર ટેસ્ટ અને પબ્લિક ડીસઓર્ડર ટેસ્ટમાં નિષ્ફળ ગઈ છે.તેથી ગેરબંધારણીય છે.આ કલમ ઉશ્કેરણીજનક અથવા સતતની સ્પષ્ટ વ્યાખ્યા પણ કરી શકતી નથી. કલમ ૬૬એનો દુરપયોગ નહીં થાય તેવા કોઈ સરકારી વચનો પર અદાલત વિશ્વાસ રાખી શકે નહીં.કાયદાની યોગ્યતા તેના ગુણો પર જ નક્કી થવી જોઈએ.અદાલતે જણાવ્યુ હતું કે ચર્ચા,તરફેણ અને ઉશ્કેરણી વચ્ચે ઘણો તફાવત છે.એ વાતમાં કોઈ શંકા નથી કે ચર્ચા અને તરફેણ કેટલીક વ્યક્તિઓને પસંદ ન આવી શકે પરંતુ તેને પરવાનગી આપવી જોઈએ.

## સરકારી કચેરીઓને ગૌમુત્રથી બનાવેલ ક્લીનરથી સાફ કરવા કેન્દ્રીય મંત્રી મેનકા ગાધીનો આગ્રહ

સરકાર કચેરીઓની સફાઈ માટે ગૌમુત્રથી બનાવેલ ગૌનાઈલથી સાફ કરવાનો આગ્રહ કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધીએ કર્યો હતો.તેમના એક પત્ર દ્વારા જણાવાયું હતું કે ફિનાઈલ પર્યાવરણ માટે હાનિકારક છે. મહિલા અને બાળવિકાસ મંત્રી મેનકા ગાંધીએ પોતાની કેબિનેટના સહયોગીને પત્ર લખીને ગૌમુત્ર દ્વારા તૈયાર કરાયેલ ગૌનાઈલનો ઉપયોગ કરવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો.સરકારી ઓફીસોમાં ફિનાઈલ વપરાય છે તેની જગ્યાએ ગૌનાઈલનો ઉપયોગ કરવો જોઈએ.

## ક્રિકેટ વર્લ્ડ કપમાં ન્યુઝીલેન્ડનો સેમી ફાયનલમાં ભવ્ય વિજય

ક્રિકેટ વર્લ્ડ કપની જબરજસ્ત દાવેદાર સાઉથ આફ્રિકાની ટીમ અને ન્યુઝીલેન્ડની ટીમ વચ્ચેનો સેમી ફાયનલનો મુકાબલો દિલ ધડક બન્યો હતો.સાઉથ આફ્રિકાની ટીમ સેમી ફાયનલ જીતી લેવા માટે અથાગ પ્રયત્નો કર્યા છતાં નસીબે તેમને યારી આપી નહોતી અને છેક છેલ્લા બોલ સુધી મેચનુ પાસુ અનિર્ણત હતું. છેલ્લા બોલે ઈલીયટ,ન્યુઝીલેન્ડના બેટ્સમેને છગ્ગો ફટકારીને સેમી ફાયનલમાં ન્યુઝીલેન્ડને વિજય અપાવ્યો હતો.સહુ પ્રથમ વાર ન્યુઝીલેન્ડની ટીમ વર્લ્ડ કપ ક્રિકેટની ફાયનલમા પ્રવેશી છે.સેમી ફાયનલ સુધી અનેક વાર પહોચેલ ન્યુઝીલેન્ડની ટીમને સહુ પ્રથમવાર ફાયનલમાં રમવાનો મોકો મળ્યો છે.ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે રમાનાર સેમી ફાયનલના વિજેતા સામે ન્યુઝીલેન્ડ ફાયનલમાં ટકરાશે

## મધ્યપ્રદેશના જબલપુરમાં આવેલ ચર્ચ પર કટ્ટરવાદીઓ દ્વારા હુમલો

મધ્યપ્રદેશમાં જબલપુર ખાતે આવેલ એક ખ્રિસ્તી ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો હતો.જ્યારે ધર્મસભા ચાલુ હતી ત્યારે હુમલાખોરોએ હુમલો કર્યો હતો.આ હુમલો કરવાના આરોપસર હિન્દુ ધર્મ સેનાના પ્રદેશ પ્રમુખ સહિત છ લોકોની ધરપકડ પોલીસે કરી હતી.

જબલપુર ખાતે આયોજીત ધર્મસભામાં જનજાતિ સમુદાયના બહુમતી ધરાવતી જિલ્લા મંડાલાના અનેક લોકો ભાગ લેવા માટે આવેલ હતા.હિન્દુ ધર્મ સેનાએ ત્યાં ધર્મ પરિવર્તનનો કાર્યક્રમ ચાલી રહ્યો છે તેવું જણાવીને હુમલો કર્યો હતો.રાત્રે ચર્ચ નજીકની શાળામાં આ ખ્રિસ્તી સમુદાયના લોકો ધર્મસભામાં ભાગ લેવા આવ્યા હતા. ત્યારે તેમની પર હુમલો કરાયો હતો.તેમના વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી.હુમલાાં અનેક લોકોને ઈજાઓ થઈ હતી.ધર્મસેનાના નેતા યોગેશ અગ્રવાલ અને તેમના સાથીઓની ધરપકડ કરવામાં આવી હતી.જો કે હિન્દુ કટ્ટરવાદીઓ દ્વારા ધર્મપરિવર્તન કરાય છે તેવા ખોટા આક્ષેપો કરીને છાસવારે ખ્રિસ્તી લઘુમતી સમુદાયને નિશાન બનાવાય છે.ભારતીય જનતા પાર્ટી જ્યારથી સત્તા પર આવી છે ત્યારથી ખ્રિસ્તી લઘુમતીઓ પર તથા તેમના સંસ્થાનો,ચર્ચો પર હુમલાઓ થઈ રહયા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં તેમજ અન્ય જગ્યાઓ પર જાહેરમાં આવા હુમલાઓને વખોડી કાઢીને તેમની સાથે સંકળાયેલ કાર્યકરોને શીખ આપી હતી પરંતુ તેની કોઈ અસર થઈ હોઈ તેમ લાગતું નથી.સરકારમાં બીજેપી સત્તા મેળવ્યા બાદ તેની સાથે સંકળાયેલ હિદુત્વ કટ્ટરવાદી સંગઠનો દ્વારા લઘુમતિઓને નિશાન બનાવવાનો કાર્યક્રમ અવિરત ચાલ્યો આવે છે.

## પનવેલમા ખ્રિસ્તી ચર્ચ પર માસ્ક પહેરેલા હુમલાખોરો દ્વારા પથ્થરમારો

ન્યુ પનવેલના સેકટર ૧૯માં આવેલ સેંટ જ્યોર્જ કેથોલીક ચર્ચ પર ત્રણ શખ્સોએ હુમલો કર્યો હતો.મધરાતે આ ઘટના બની હતી.જેને કારણે સમગ્ર ખ્રિસ્તી સમુદાયમાં રોષની લાગણી વ્યાપી હતી.બાઈક પર આવેલ ત્રણ શખ્સો જેમણે મો ઉપર માસ્ક પહેરેલા હતા તેમણે ચર્ચની બહાર ઉભા કરાયેલ સેંટ જ્યોર્જના કાચના શોકેસથી કવર કરેલા પુતળા પર પથ્થરમારો કર્યોહતો. જેને કારણે કાચ તુટી ગયો હતો.જો કે સેટ જ્યોર્જના પુતળાને કોઈ નુકશાન થયું નહોતું.

હુમલાખોરો દ્વારા પથ્થરમારો થઈ રહ્યો હોવાનુ જોતા સિક્યોરીટી ગાર્ડસ તેમને રોકવા અને પકડવા માટે દોડ્યા હતા પણ તેમને આવતાં જોઈએ હુમલાખોરો નાસી ગયા હતા.જો કે હુમલાની આખી ઘટના સીસીટીવીના કેમેરામાં ઝડપાઈ ગઈ હતી.૮૦૦ લોકોને સમાવતાં ૨૦૦૭માં બંધાયેલ સેંટ જ્યોર્જ ચર્ચની આ ઘટનાને લઈને ચર્ચ મેનેજમેન્ટ દ્વારા ન્યુ પનવેલના ખાંદેશ્વર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરુ કરી છે.પનવેલની આ ઘટનાથી સમગ્ર મહારાષ્ટ્રમાં તેના ઉગ્ર પ્રત્યાધાત પડ્યા છે.

## અસ્પૃશ્યતાના ભેદભાવથી લોકો હિંદુ ધર્મથી વિમુખ બને છે.સંઘના નેતાની કબુલાત

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એક સીનીયર નેતાએ કહ્યું હતું કે અસ્પૃશ્યતાના ભેદભાવને લીધે હિન્દુઓ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ અપનાવતા થયા છે.તે માટે અશ્પૃશ્યતા અને જાતીના આધારે ભેદભાવ જવાબદાર છે.પાકિસ્તાન અને બંગલા દેશ જેવા દેશો માટે તેમણે કહ્યુ હતું કે આ બંન્ને દેશો સાથે લોહીનો સબંધ છે.તેમની ભુમિનું તત્વ અને ડીએનએ પણ સરખા છે.

હિન્દુઓના ધર્માંતરણ માટે ખ્રિસ્તીઓ અને મુસ્લીમોને જવાબદાર કે દોષી માની શકાય નહી.અશ્પૃશ્યતા અને હિંદુ ધર્મ તેમજ સમાજ દ્વારા જાતીના આધારે કરાતો ભેદભાવ એ એક નબળાઈ છે. જેના કારણે વંચિત વર્ગ અન્ય ધર્મોમાં ધર્માંતરણ કરે છે.જો લાલચને કારણે ઘર વાપસી(ફરી ધર્માંતરણ) અને ઘર છોડના(રૂપાંતરણ) થતાં હોય તો તે ખોટું છે.કોઈને પણ દબાણથી રૂપાંતરણ કે ફેર રૂપાંતરણ માટે ફરજ પાડી શકાય નહીં.

જો કે વીએચપી કે તેમના અન્ય સંગઠનો દેશભરમાં અસ્પૃશ્યતા સામે કાર્યકમો કરનાર છે.તેમના મતે સમુદાયમાં પ્રવર્તમાન પુર્વગ્રહો સામે તેઓ લડશે જેના લીધે હિંદુ સમાજ ખતમ થઈ રહ્યો છે.હિન્દુઓમાં જ્ઞાતિના આધારે મોટું વિભાજન છે.પરિણામે ઘણાં દલિતો અસ્પૃશ્યતાના કારણે અન્ય ધર્મોમાં જતા રહ્યા છે.

જો કે આરએસએસ અને તેમની ભગિની સંસ્થાઓ જ્યારેથી કેન્દ્રમાં ભાજપની સરકાર આવી ત્યારથી ઘરવાપસી કાર્યક્રમ હેઠળ જે હિંન્દુઓ ખ્રિસ્તી કે મુસ્લીમ બન્યા છે તેમને પાછા હિંન્દુ બનાવી રહી છે.જો આ બધાની કરની અને કથનીમાં આસમાન જમીનનો ફર્ક છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સુપ્રીમ કોર્ટ દ્વારા અભિવ્યક્તિની સ્વતંત્રતાના બંધારણીય અધિકારનું ઉલ્લંઘન કરતો વાણી સ્વાતંત્રતાના અંગેની વિવાદાસ્પદ કલમ ૬૬એને નાબુદ કરી નાંખી.જો કે આ કાયદા હેઠળ પોલીસને અમર્યાદિત સત્તાઓ મળી ગઈ હતી.તેમજ રાજકીય વેર વાળવા માટે પણ તેનો ઉપયોગ થયો હતો.

સરકારે અદાલતમાં કાયદાને બચાવવા ઘણો પ્રયત્ન કર્યો હતો.તેમની એવી રજુઆત હતી કે પ્રિન્ટ,અને ઈલેક્ટ્રોનીક મીડીયા કરતાં ઈન્ટરનેટ પર આકરાં નિયત્રણો હોવા જોઈએ.ઈન્ટરનેટ સંસ્થાગત કામ કરતું નથી.તેથી કેટલાંક નિયંત્રણો હોવા જરુરી છે.જો કે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની બેન્ચે સરકારી રજુઆતોને ધ્યાને લીધી નહોતી.કોર્ટે જણાવ્યું હતું કે ચર્ચા,તરફેણ અને ઉશ્કેરણી વચ્ચે તફાવત હોય છે.છેલ્લા કેટલાક સમયમાં આ કલમનો દુરપયોગ થયો છે તેવી માન્યતાને કારણે ઘણા બધા લોકોને શોષવું પડ્યું છે.

સત્ય કહેવાથી તમારી અભિવ્યક્તિને કાયદો અવગણે તે બાબતને કોર્ટમાં પડકારવામાં આવી અને જે લોકોએ આ સ્તુત્ય પગલું ભર્યું તેઓ અભિનંદનને પાત્ર છે.ઉપરાંત ન્યાયતંત્રએ અભિવ્યક્તિની સ્વતંત્રતા જે આપણાં બંધારણમાં બક્ષી છે તેને ન્યાયોચિત ઠેરવી તે બાબતનું ગર્વ છે, કે ન્યાયતંત્ર સરકારની વજુદ વગરની દલીલો ચલાવી લેતું નથી.જો કે કોમી હિંસા અથવા સામાજિક અવ્યવસ્થા સર્જનાર માહીતીને સરકાર વેબસાઈટ પર બ્લોક કરી શકશે.

એક બાબત બહુ સ્પષ્ટ છે કે જે સરકારો આવે છે કે જાય છે તેમણે નાગરિકોના હક્કોના રક્ષણ કરવાં કરતાં તેમને નુકસાન કરે તેવા ઘણાં કાયદાઓ પ્રસ્થાપિત કરી નાંખ્યા છે.અથવા તો એવા કાયદોના અર્થ ઘટનો કર્યા છે જે નાગરિકોના અધિકારનુ હનન કરે છે.વિદ્વાનો,સામાજીક કાર્યકરોએ આવા કાનુનો સામે સુપ્રીમ કોર્ટમાં લડત આપીને લોકોના હિતોના રક્ષણ માટે કમર કસવી પડશે.

## સ્વર્ગ,નર્ક અને મૃતકો માટે પ્રાર્થના ......

જગતના વિવિધ ધર્મ/સંપ્રદાયોમાં વ્યક્તિના મૃત્યુ બાદ મૃતક પાપી/પુણ્યશાળીને સ્વર્ગ યા નર્કનો બદલો મળનાર છે એવી માન્યતા પ્રવર્તે છે તથા સ્વર્ગ/નર્ક એ કોઈ નિશ્ચિત સ્થળ/જગા છે એવું પણ માનવામાં આવે છે.આપણી આ પ્રચલિત માન્યતાઓનું આજના પરિપ્રેક્ષ્યમાં નવું દર્શન કરાવવું જરુરી છે જેથી તે કાલગ્રસ્ત તથા અર્થહિન ન બની જાય.હકીકતે સ્વર્ગ કે નર્ક એ કોઈ એક નિશ્ચિત જગા કે સ્થળ નહી પરંતુ એક માહોલ(પરિસ્થિતિ) છે. સ્વર્ગ એટલે જ્યાં પરસ્પર સુસબંધો છે, સુખનો અખુટ ભંડાર છે તથા દુઃખ કે વિલાપ માટે કોઈ તક કે અવકાશ જ નથી. એવી જ રીતે નર્ક એટલે દુઃખ, કંકાસ,સ્વાર્થ, ઝગડા ને વેરઝેર.જ્યાં આવુ બધું છે ત્યાં જીવતાજીવ નર્ક જ છે.પરંતુ, આપણે તો સ્વર્ગ/નર્કને એક જગા બનાવી દીધી છે તથા મૃત્યુ બાદ સ્વર્ગ ત્યાં જવાની રાહ જોઈ રહ્યા છીએ. એટલે અહીં આપણું કુટુંબ,સમાજ,સગાં-સહોદર, નોકરી કે કામના સ્થળો વગેરે સ્વર્ગ બનતાં નથી ! મરણ બાદ તેની રાહ જોવાની નથી ! તો કરીશું શું ? હવે આપણે નકકી કરવાનું છે કે મારે સ્વર્ગમાં રહેવું (જવું છે નહી) છે કે નર્કમાં રહેવું છે ?ઈશ્વરને પણ વચ્ચે લાવવાની જરૂર નથી. હા, આપણું જીવન નર્ક ના બને પણ કાયમ સ્વર્ગ બની રહે એ માટે ભગવાનની અસીમ કૃપાઓ ને એટલાજ આર્શીવાદોની જરૂર છે એ કહેવાની કઈ આવશ્યકતા ખરી ?

ફાધર વિલિયમ(રિશ્તા)

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૬)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૫૭ | ડીપ્લોમાં મીકેનીકલ એન્જીનીયર | ૨૬-૮-૮૫ | ૩૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૫૮ | ડીપ્લોમાં મીકેનીકલ એન્જીનીયર | ૨૮-૧૧-૮૪ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૫૯ | બી.ઈ.આઈ.ટી. | ૨૩-૧૨-૮૮ | ૩૩૦૦૦ | સા.આર્મી | કુંવારા. |
| ૩૬૦ | જીએનએમ,બીએસસી નર્સીંગ ચાલુ | ૮-૪-૯૦ | ૮૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૧ | એમએ.બી.એડ.(અંગ્રેજી માધ્યમ) | ૧૨-૭-૭૭ | ૩૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૨ | એમ.એસ.સી. બી.એડ. | ૧૩-૫-૮૭ | ૩૧૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૩૬૩ | બીએ.કોમ્પ્યુ.આઈટીઆઈ,એમએમવી.ફુડ-કુક, પીજીડી બીઝનેસ મેનેજમેન્ટ(લંડન) | ૨૧-૧-૮૧ | - | મેથો. | કુંવારા |
| ૩૬૪ | જીએનએમ ૩ ૧/૨વર્ષ નર્સીંગ | ૧૮-૧૧-૯૧ | ૧૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૬૫ | બીએ.એમ.એસ.ડબલ્યુ | ૧-૮-૮૭ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૬ | બી.ઈ.(ઈલેક્ટ્રો.)એમએસસી.નેટવર્કીંગ (લંડન) | ૨૭-૧૦-૮૮ | ૧૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૭૮ | ૧૨પાસ.આઈટીઆઈ.વાયરમેન,કોમ્પ્યુ.ડીટીપી. | ૧૨-૨-૮૦ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૭૯ | બી.એ.(ઈકોનોમીક્સ) | ૨૪-૧૦-૮૬ | ૩૫૦૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૬૮૦ | બીએ.બીએડ(ઈગ્લીંસ) | ૩-૪-૭૭ | ૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૬૮૧ | બીએ.પીજીડીસીએ,એક્ષરે ટેક. | ૧૮-૯-૮૧ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૮૨ | એમ.એ.બી.એડ. | ૨૦-૩-૭૪ | ૨૧૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૮૩ | એમ.એ. | ૨૬-૯-૭૪ | ૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૮૪ | એમ.એ.બી.એડ (અંગ્રેજી) | ૨૨-૩-૮૬ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૮૫ | ૧૨પાસ,ફોટોગ્રાફી.વીડીયોગ્રાફી | ૧૭-૧૨-૯૦ | ૧૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૬૮૬ | ૯ પાસ | ૧૫-૫-૮૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૮૭ | એમકોમ.બીએડ.પીજીડીસીએ, ટાટ,ટેટ પાસ | ૨૩-૧-૮૩ | ૭૮૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૬૮૮ | એમએ.બીએડ(અંગ્રેજી) ટાટ પાસ | ૩-૧૦-૮૪ | ૭૮૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૪૭ | બીએસસી. એમબીએ | ૨૭-૧૦-૭૨ | ૩૦૦૦૦ | આર.સી. | છુટાછેડા. |
| ૨૪૮ | બીએસસી.બીએડ. પીટીસી | ૧-૧-૮૬ | ૭૮૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૪૯ | ૧૨ પાસ | ૧૬-૫-૭૧ | ૪૫૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૫૦ | બીએસસી. પીજીડીસીએ | ૫-૭-૮૨ | ૬૨૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૬) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૬૫ | બીકોમ.(અંગ્રેજી માધ્યમ)કોમ્પ્યુ. બેઝીક ટેલી | ૮-૫-૮૭ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૬ | જીએનએમ. બીએસસી નર્સીંગ છેલ્લુ વર્ષ | ૧૮-૮-૯૦ | ૧૦૦૦૦ | પેન્ટીકોસ્ટ | કુંવારા |
| ૩૬૭ | એમ.એસ.સી.(બાયોટેક) | ૯-૧૨-૯૦ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૮ | જીએનએમ ૩ -૧/૨ વર્ષ નર્સીંગ | ૧૧-૧૦-૮૫ | ૧૩૪૦૦ | મેથો. | કુંવારા |
| ૩૬૯ | જીએનએમ ૩ -૧/૨ વર્ષ નર્સીંગ | ૧૭-૪-૮૯ | ૧૧૫૦૦ | મેથો. | કુંવારા |
| ૩૭૦ | જીએનએમ ૩- ૧/૨વર્ષ નર્સીંગ | ૩-૮-૯૧ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૧ | એમએ. બીએડ(ઈગ્લીંસ) | ૨૨-૪-૮૬ | ૧૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૨ | માસ્ટર ઓફ ફાર્મસી | ૫-૯-૮૬ | ૧૬૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૩ | બી.સી.એ. | ૨૫-૯-૮૩ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૪ | એમએસડબલ્યુ,એલએલબી,પીએચડી ચાલુ. | ૨૫-૯-૮૫ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૫૪ | એમ.એ.બી.એડ.ટેટ-૨ પાસ | ૫-૧૨-૮૬ | ૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૫૫ | બીએ(અંગ્રેજી)પ્રીપીટીસી(અંગ્રેજી) | ૨૨-૧૧-૮૪ | ૬૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૫૬ | એમએ.બીએડ.(અંગ્રેજી) ટેટ-ટાટ પાસ | ૨૧-૧૧-૮૨ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૫૭ | ૧૨પાસ | ૯-૯-૭૮ | - | અલાયન્સ | કુંવારા |
| ૪૫૮ | એમએ.એચઆરડી. | ૧૩-૧૦-૭૮ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૫૯ | બીએસસી.બીએડ. | ૫-૬-૮૫ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૬૦ | ૧૦ નાપાસ | ૧-૧-૮૫ | ૪૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૬૧ | બીએ.૬માસ નર્સીંગ,એમએસ.કોમ્પ્યુ. | ૧૧-૭-૮૫ | ૧૦૦૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૪૬૨ | ૧૦પાસ,ફીમેલ હેલ્થ કોર્ષ | ૨૯-૧૨-૯૦ | - | આર.સી. | કુંવારા |
| ૪૬૩ | એમએ પાર્ટ -૧ પાસ | ૧૪-૪-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૪૬૪ | એમએ. બીએડ(ઈગ્લીંસ) | ૨૯-૧૨-૮૪ | ૭૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૫૩ | પીટીસી | ૧૫-૭-૬૯ | ૩૦૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૧૫૪ | એમએ પાર્ટ(૨) ચાલુ | ૩૦-૯-૮૦ | ૫૦૦૦ | સા.આમી. | કુંવારા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.

(૨)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.

(૩)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

(૪)**visit by appointment only**

# મુસ્લીમ પર્સનલ લો બોર્ડ દ્વારા ગીતાભ્યાસ અને સુર્યનમસ્કારનો અભ્યાસ ફરજીયાત બનાવવાનો વિરોધ

મુસ્લીમોની સર્વોચ્ચ સંસ્થા ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડના બે દિવસીય અધિવેશનમાં સરકારી શાળાઓમાં સુર્ય નમસ્કાર અનેગીતાનો અભ્યાસ ફરજીયાત બનાવવા સરકારના નિર્ણય સામે ઉગ્ર વિરોધ વ્યક્ત કરાયો હતો. બોર્ડ આ મામલે અદાલતી હસ્તક્ષેપની માંગના સંકેત આપ્યા હતા.બોર્ડના પદાધિકારીઓએ જણાવ્યું હતું કે મુસ્લીમ બાળકોએ શાળામાં સુર્ય નમસ્કાર કરવાનો ઈન્કાર કરી દેવો જોઈએ. બોર્ડના રાષ્ટ્રીય અધ્યક્ષ મૌલાના રાબે હસની નદવીએ જણાવ્યું હતું કે મુસ્લીમ સમુદાયને હવે ધાર્મિક સ્વાતંત્રતાની જરુરીયાત અનુભવાઈ રહી છે. આઝાદી બાદ પહેલી વાર દેશને એક વિશેષ વિચારધારા તરફ લઈ જવામાં આવી રહ્યો છે.

બોર્ડના સભ્ય મજદિર્દીએ જણાવ્યું હતું કે હાલમાં દેશમાં સમાન નાગરિક ધારાની વાતો થઈ રહી છે.કેટલાક લોકો પર્સનલ લોમાં સુધારાની માંગ કરી રહ્યા છે.અમે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે પર્સનલ લો શરિયતનો હિસ્સો છે અને તેમાં સુધારો કરવાનો અધિકાર કોઈ માનવીને નથી.

મૌલાના નદવીએ જણાવ્યું હતું કે બોર્ડ મુસ્લીમોને શરિતય મુજબ જીવવા પ્રેરણા આપે. કુરાનનું શિક્ષણ ફક્ત સમુદાય માટે નહીં,સમગ્ર વિશ્વના કલ્યાણ માટે છે.મુસ્લીમોએ શરિયતની તાર્કિક વ્યાખ્યા પણ કરવી જોઈએ.

બોર્ડના પ્રતિનિધિઓનું માનવું છે કે ધર્માંતરણ વિરોધી કાયદો નાગરિક અધિકારોનુ ઉલ્લંઘન ગણાશે.બંધારણે દેશના દરેક નાગરિકન પસંદગીનો ધર્મ પાળવાની પરવાનગી આપી છે.ધર્માંતરણ કાયદા દ્વારા ઈસ્લામિક સંગઠનો પર સકંજો કરવાનો બદઈરાદો છે.

આગામી સપ્તાહમાં લખનૌ ખાતે આયોજીત જમાતે ઉલેમા એ હિંદની બેઠકમાં ઘરવાપસીના મુદ્દા પર ગંભીર વિચારણા કરાશે.જમાતના નેતા રશદીએ જણાવ્યું હતું કે મોદીની સલાહ છતાં કેટલાંક સગંઠનો ઘરવાપસી પર બેફામ નિવેદનો આપી રહ્યા છે.

# ગીતાને રાષ્ટ્રીય પુસ્તક જાહેર કરવાની પીઆઇએલ રદ

સુપ્રીમ કોર્ટે ભગવદ્ ગીતાને રાષ્ટ્રીય પુસ્તક જાહેર કરવા અંગેની જાહેર હિતની અરજી ફગાવી દીધી હતી.ચીફ જસ્ટીસ એચ.એલ.દત્તુ અને જસ્ટીસ એમ.વાય.ઈકબાલ તથા અરુણ મિશ્રાની બનેલી બેંચે કહ્યું હતુ કે અમે કેવી રીતે કહી શકીએ. દરેક નાગરિકના મનમાં એક પવિત્ર પુસ્તક હોય છે. અમે કેવી રીતે તે અંગેની જાહેરાત કરી શકીએ.આમ દેશમાં ભાજપ સત્તા પર આવ્યા બાદ કેટલાંક કટ્ટરવાદી સંગઠનો હિદુત્વનો આધાર બનાવીને દેશમાં યેનકેન પ્રકારે પોતાની મનમાની કરી રહ્યું છે. તેનો સુપ્રીમે જવાબ આપી દીધો છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.300

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબારો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# અમદાવાદમાં વિરોધ પ્રદર્શન

કોલકત્તામાં એક સીસ્ટર ઉપર સામુહિક બળાત્કાર થયો તેનો વિરોધ કરવા તાજેતરમાં અમદાવાદ ખાતે વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયોએ ભેગા મળીને એક મહા રેલીનું આયોજન કર્યું જે પ્રશંસનીય છે.કેટલાક ખ્રિસ્તીઓએ એની ચર્ચા કરતાં કહ્યું કે આપણા પગ તળે રેલો આવે છે ત્યારે જ આપણે આવો વિરોધ કરીએ છીએ ; પરંતુ, અન્યોને કંઈ અન્યાય થાય ત્યારે આપણે ચુપ બેસી રહીએ છીએ એટલું જ નહીં, બીજા સારા લોકો એનો વિરોધ કરે ત્યારે તેમની સાથે આપણે જોડાતા પણ નથી.દા.ત.પાટણ-પીટીસી કોલેજમાં એક દલીત યુવતી પર સામુહિક બળાત્કાર થયો ત્યારે આપણે ચુપ રહ્યા એટલું જ નહીં અમદાવાદમાં તથા બીજે ઠેકાણે વિવિધ મહિલા સંગઠનોએ તેનો વિરોધ કર્યો તેમાં પણ કોઈ બિશપ,ફાધર, પાદરી, પાળક, સીસ્ટર કે ખ્રિસ્તી લેમેન-વુમન કોઈ જોડાયું નહીં.આપણે ભારે ઉદાસીનતા દાખવી હતી. શું એ યુવતી આપણી પાડોશી(માનવ બંધુ-ભગિની)નહોતી ?ભગવાન ઈસુએ તો શીખવ્યું છે કે જરુરીયાતમંદ સહુ કોઈ ફક્ત ખ્રિસ્તી જ નહી- આપણા માનવબંધુ-ભગિનીઓ છે.

આવું કેમ થાય છે ? મને આ કારણ લાગે છે : આપણા ખ્રિસ્તીઓ-સમુહોની- નેતાગીરી આપણા ધર્મગુરુઓ પાસે છે.તેઓ વિરોધ કરે ને એવા કાર્યક્રમો ગોઠવે તો એમાં જઈએ-જવાય એવું આપણે (ખાસ કરીને ફાધરો,સીસ્ટરો)માનીએ છીએ. કમનસીબે ધર્મગુરુઓ તો એવા કાર્યક્રમો જવલ્લે જ યોજતા હોય છે, સિવાય કે આપણા પગ તળે રેલો આવે ! હકીકતે તો ચોપાસમાં કોઈને પણ અન્યાય થતો હોય, શોષણ થતું હોય.... તો આપણે તેનો એક યા બીજી રીતે વિરોધ કરવો જોઈએ. પેલા ધાયલ થઈને રસ્તા પર પડેલા શમરુનીને જોઈને પુરોહિત તથા બીજા ચાલ્યા ગયા એવું ના કરાય.આપણા ધર્મગુરુઓએ આપણને આવું શીખવવું જોઈએ છે.અને તે કેવળ બોધ,ઉપદેશ, પ્રાર્થના,નોવિના કે આરાધના દ્વારા નહિ ;રેલી,ધરણાં,મિડીયાનો ઉપયોગ કરીને પણ. સૌ પ્રથમ તો તેમણે પોતે એનો દાખલો આપવો જોઈએ છે. આપણો યુવાવર્ગ આજે વિવિધ પ્રકારના સંચાર માધ્યમોના ઉપકરણો(મોધાં પણ) રાખે છે તથા તેનો ઉપયોગ કરવામાં નિપુણતા ધરાવે છે.તેમણે એમની આવડત(એસ.એમ. એસ, ફેસબુક, ટ્વીટર,એપ્સ) તથા ઉપકરણોનો ઉપયોગ આ માટે કરવો જોઈએ ;નકામી બાબતો -ફોટા પાડવા, પોતાના ફોટા મુકવા,બીનજરુરી વાતો કરવા,એસએમએસ મોકલવા કે ફોરવર્ડ કરવા, મ્યુઝીક સાંભળવા માટે નહિ,તેમને ટ્રેનીંગ આપતા હોય તેમણે તેનો સદુપયોગ કરતાં તેમને શીખવવું જોઈએ.ઈલેક્ટ્રોનીક ઉપકરણોની અસર ઘણી છે.

ટુંકમાં ધર્મગુરુઓ દ્વારા આ પ્રકારના(વરોધ)કાર્યક્રમો અવારનવાર યોજવામાં આવે તથા એમાં આપણને સામેલ કરે તો આપણું સાચું ધાર્મક ઘડતર થશે ને આપણામાં સામાજિક સભાનતા પ્રગટશે. એના અભાવે આપણું ધર્મપાલન ઠાલું ને અર્થહીન બની રહેશે. કારણ જેમાં સામાજિક સભાનતા નથી એવું ધર્મપાલન(પ્રાર્થના,તપ,ઉપવાસ,યાત્રા) બોગસ છે ;એ સમય,નાણાં તથા શક્તિનો બગાડ છે. પયગંબર યશાયા કહે છે :

“ પ્રભુ તું જોતો જ ન હોય તો અમે ઉપવાસ શા માટે કરીએ ?તું જો ધ્યાન જ આપતો ન હોય તો અમે તપ શા માટે કરીએ ? “

પણ પ્રભુ તેમને કહે છે ,ઉપવાસના દિવસે તમે તમારી મતલબનો ધંધો ચાલુ રાખો છો, તમારા માણસો ઉપર જુલમ ગુજારો છો, તમે લડો ઝગડો છો અને મારામારી કરો છો. આજના આવા ઉપવાસથી તમારો સાદ સ્વર્ગે નહીં પહોચે શું હું આવો ઉપવાસ પસંદ કરુ છું ? આવું તપ ?તમે એને ઉપવાસ કહો છો ? પ્રભુને ગમતો દિવસ કહો છો ?

મારો મનપસંદ ઉપવાસ એટલે અન્યાયના બંધનો તોડી નાંખવા,જુલમની ઝુંસરી ભાંગી નાખવી,દલિતોને મુક્ત કરવા, ભુખ્યા સાથે વહેચીને ખાવું,ઘર વગરનાને ઘરમાં આશરો આપવો,ઉઘાડાંને જોતાં તેને વસ્ત્ર પહેરાવવા અને માનવબંધુઓને ભીડમાં જોઈને આંખ આડા કાન કરવા નહીં. ત્યારેજ તમારો પ્રકાશ પ્રભાતનીજેમ પ્રગટશે (યશાયા ૫.૫૮)”

ગાંધીજીએ પણ કહ્યું છે :

મારી તપસ્યાનો હિમાલય ત્યાં જ છે, જ્યાં હજુ દરિદ્રતા પડી છે અને તેને કાઢવાની છે, શોષણ દુર કરવાનું છે, દુઃખ નિવારવાનું છે. દેશમાં એક પણ માણસ જ્યાં સુધી જીવનન જરુરીયાતોથી વંચિત હોય ત્યાં સુધી મને શાંતિ ન વળે અને હુ પગ વાળીને બેસી શકું નહી.

બીજો પ્રશ્ન કેટલાકે એવો કર્યો છે કે આપણી શૈક્ષણિક સંસ્થાઓનો લાભ ઉઠાવતાં બીન ખ્રિસ્તીઓ જ્યારે આપણા પર હુમલો કરે છે કે ખોટા આક્ષેપો મુકે છે ને આપણને હેરાન કરે છે ત્યારે તેઓ આપણો બચવા કરવા આગળ કેમ નથી આવતાં ? તેઓ વિરોધ કેમ કરતાં નથી ?તેઓ ચુપ કેમ રહે છે ? શું તેમને આપણી સંસ્થાઓ પ્રતિ લાગણી નથી ?

હકીકત એવી છે કે આપણે એવે સમયે એમને અપીલ કરતા નથી પણ તેઓ એમની મેળે સંગઠિત થઈને આપણો બચાવ કરવા આગળ આવે એવું ઈચ્છીએ છીએ. અહીં પણ આપણે વિદ્યાર્થીના વાલીઓને બૃહદ સમાજમાં કશુંક અઘટિત બને, કોઈને અન્યાય થાય, કોઈના પર બળાત્કાર થાય...ત્યારે તેનો વિરોધ કરવા માટે સૌ પ્રથમ તો આપણે પોતે નિષ્ક્રીય રહીએ છીએ અને વિદ્યાર્થીઓને કે તેમના વાલીઓને સંગઠિત કરી તેનો વિરોધ કરવા એમને સામેલ કરતા નથી.આપણી શૈ.સંસ્થાઓના હક્કોનું રક્ષણ કરવા તથા સરકારી તંત્રની દખલગીરીનો સામનો કરવા માટે પણ વાલીઓનો સાથ સહકાર લેવો જોઈએ ; હાલમાં બધી જવાબદારીઓનો બોજો આપણે ઉઠાવીએ છીએ તેને બદલે વાલીઓને પણ તેમાં ભાગીદાર કરવા જરુરી છે. ટુંકમાં શુભને ટેકો આપવા તથા અશુભનો વિરોધ કરવા આપણે વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજીને વાલીઓને સામેલ કરતા હોઈએ તો તેઓ અઘટિત ઘટનાઓનો વિરોધ કરતાં શીખશે ને જરુર પડ્યે આપણી સંસ્થાઓનો બચાવ કરવા તેઓ આગળ આવશે. આપણે માત્ર વિદ્યાર્થીઓને નહીં,તેમના વાલીઓને પણ આપણે કેળવવા જોઈએ.

અને છેલ્લે એક મહત્વની વાત. પલટાયેલ પરિસ્થિતિઓ તથા સંજોગોમાં ઉક્ત કાર્યક્રમોની આવશ્યકતા ઊભી થઈ છે તેને નજર અંદાજ કરી ન શકાય. એટલે હવે વિવિધ જાત્રાઓ,મેળાઓ, પર્વોત્સવો, કથાઓ,આરાધનાઓ... વગેર ઉપર હવે કાપ મુકવો પડશે અને તેને બદલે ઉપર ઉલ્લેખ કર્યો તેવા કાર્યક્રમોને પણ સ્થાન આપીને તેમાં સૌ પ્રથમ ધર્મગુરુઓએ ભાગ લેવો જોઈશે અને ધર્મજનોને પણ તેમાં ભાગ લેતા કરવા પડશે. આપણા હક્કો અને અધિકારો માટે આપણ લડવું પડે... હા, પ્રાર્થના દ્વારા ઈશ્વરની સહાય ચોક્કસ યાચીએ,પરંતુ માત્ર પ્રાર્થના કરીને બેસી રહીએ ને ઈશ્વર આપણા અધિકારોનુ રક્ષણ કરે તથા તે મેળવી આપે એવી જવાબદારી તેના પર ના લાદીએ. હિંમતે મર્દા તો મદદે ખુદા !

**ફાધર વિલિયમ**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## માંસાહારને ધર્મથી અલગ રાખવાની સલાહ આપતાં બોલીવુડના અભિનેતા રીશી કપુર

મહારાષ્ટ્રની સરકારે પસાર કરેલા ગૌમાંસ નિષેધના એક ખરડાને રાષ્ટ્રપતિએ મંજુરી આપતાં તે મહારાષ્ટ્ર માં કાયદો બન્યો. પરિણામે ગૌમાંસ ખાનારા અને કતલ કરનારાઓને ગુનેગાર મનાશે તેવુ કાયદામાં છે.મહારાષ્ટ્રમાં આ બાબતનો વિરોધ થયો છે.અને તેના સમર્થનમાં પણ ટવીટર પર શાબ્દિક યુધ્ધ છેડાઈ ગયું છે.

બોલિવુડના પીઢ અભિનેતા રીશી કપુરે માંસ અંગે ટ્વીટ કર્યું હતુ કે શું ખાવું તે બાબત વ્યક્તિગત પસંદગી પર છોડી દેવી જોઈએ અને ધર્મને તેમાં વચ્ચે ન લાવવો જોઈએ.પરિણામે તેનો વિરોધ પણ થયો અને સમર્થનમાં ટ્વીટર પર શાબ્દિક યુધ્ધ ચાલ્યું.

રીશી કપુરે ટ્વીટ કર્યું હતું કે હું ખુબ જ ગુસ્સે છું શા માટે તમે ભોજનને ધર્મ સાથે સાંકળી લો છો ? હું માંસ ખાતો હિંદુ છું. શું એનો મતલબ એવો કે મને ઈશ્વરનો ડર બીજા લોકો કરતાં ઓછો છે ? વિચારો. અનેક લોકોએ આ મામલે રીશી અને તેના પરિવારને નિશાન બનાવીને ઉગ્ર ટ્વીટ કર્યા હતા. પરિણામે આખી બાબતને કોમવાદનું સ્વરુપ આપી દેવાયું અને પરિણામે વાણી સ્વાતંત્રતાના મુદે રીશીના વિચારોમાં તેમણે પીછેહઠ કરવી પડી.તેમણે સ્પષ્ટતા કરવી પડી કે હું ગૌમાંસ ખાતો નથી પરંતુ દિવસમાં બે વાર પુજા કરુ છું.

કેટલાક લોકો સત્યને જુઠમાં પરિવતીત કરવા માટે સતત એવો શાબ્દીક મારો ચલાવે કે સત્ય બોલનારને પીછેહઠ કરવી પડે.અભિનેતાને તેની માન્યતા કહેવાનો અધિકાર છે તેથી તેની પાછળ કે તેના કુટુંબીજનોની પાછળ પડી જવાની માનસિકતા ખરેખર વ્યાજબી નથી.

## મુંબઇના નેશનલ પાર્કમાં પ્રાણીઓને ખોરાકમાં ચીકન અપાયું

મહારાષ્ટ્રમાં ગૌમાંસ(બીફ)પર કાયદા દ્વારા લદાયેલ પ્રતિબંધને કારણે મુંબઈના નેશનલ પાર્કના માંસાહાર પર નભતા પ્રાણીઓને અસર થઈ છે.મુંબઈના નેશનલ પાર્કના હિંસક પ્રાણીઓને હવેથી ગૌમાંસ(બીફ) ખોરાકમાં અપાશે નહીં.પરંતુ તેની જગ્યાએ ચીકન પીરસવામા આવશે.બીફ ટ્રેડર્સ કાયદાના પ્રતિબંધનો વિરોધ કરી રહ્યા છે અને તેઓ આ મુદ્દે સરકાર સામે દેખાવો કરી રહ્યા છે.તેઓના કહેવા પ્રમાણે ભેસો ઉપલબ્ધ નહી઼ં હોવાથી હવે પાર્કના પ્રાણીઓને હવે ચીકન પર ગુજારો કરવો પડશે.જો બીફ ટ્રેડર્સ બીફ માંસના ધંધાને ઠુકરાવશે તો પ્રાણીઓને ચીકનને અપનાવવું પડશે.ભવિષ્યમાં માંસાહાર કરતા પ્રાણીઓને જો ચીકન પર બંધી આવે તો વેજીટેરીયન ભોજનથી પોતાની ભુખ સંતોષવી પડશે. જેમ ગૌવંશ પવિત્ર ગણવામાં આવે છે તેમ કેટલાક ધર્મના લોકો માટે ચીકન પર પવિત્ર ગણવામાં આવ્યું છે.તે તેમનુ ધાર્મિક પ્રતિક છે. તેથી ધર્મને ભોજનની સાથે સાંકળવો જોઈએ નહી.

## રાષ્ટ્રીય મહિલા પંચે પશ્ચિમ બંગાળની નાદિયા જીલ્લાની કોન્વેન્ટ સ્કુલની મુલાકાત લીધી

પશ્ચિમ બંગાળના નાદિયા જીલ્લામાં આવેલ કોન્વેન્ટ સ્કુલમાં એક વૃધ્ધ ખ્રિસ્તી સાધ્વી પર થયેલ સામુહિક બળાત્કારની ઘટનાના મુદ્દે રાષ્ટ્રીય મિહલા પંચે સ્થળની મુલાકાત લીધી હતી.મુલાકાત બાદ મહિલા પંચે રાજ્ય સરકારની ટીકા કરતાં જણાવ્યુ હતું કે ગેંગરેપની ઘટનાને આઠ દિવસ વીતી ગયા છતાં એક પણ ધરપકડ કરવામાં આવી નથી.ત્રણ સભ્યોની એનએસડબલ્યુ ટીમે એક કલાકથી વધુ સમય કોન્વેન્ટ સત્તાધીશો સાથે ચર્ચા થઈ હતી.જો કે ત્યારબાદ રાજ્યના મુખ્યમંત્રીએ સીબીઆઈ તપાસની માંગણી સાથે સહમતી દર્શાવી હતી.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક, સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જ્હોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## નેપાળમાં સહુ પ્રથમ વાર કો-એજ્યુકેશન સ્કુલ ખ્રિસ્તી સંસ્થા શરુ કરશે

નેપાળમાં સહુ પ્રથમ વાર છોકરા-છોકરીઓ સાથે ભણી શકે તેવી સ્કુલ શરુ કરવામાં આવનાર છે. આ સ્કુલ શરુ કરવાનુ શ્રેય ખ્રિસ્તી સંસ્થાને ફાળે જાય છે.જેસુઈટ અને મિશનરીઓ દ્વારા શરુ કરાયેલ આ સ્કુલમાં આ વર્ષે સહુથી વધુ છોકરીઓ પરીક્ષા આપનાર છે.એજ્યુકેશન મીનીસ્ટરે કો-એજ્યુકેશનની સ્કુલ શરુ કરવા માટે અને જાતિ એકતા માટે કામ કરવા માટે,તેમજ યુએન મીલેનીયમ ગોલ સિધ્ધ કરવા માટે ખ્રિસ્તીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સહુ પ્રથમ વાર નેપાળના ઈતિહાસમાં,છોકરીઓ વધુ પ્રમાણમાં ગ્રેજ્યુએટ થઈને બહાર આવશે,તેવા આંકડાઓ એક્ઝામ કંન્ટ્રોલર ઓફિસ દ્વારા આપવામાં આવ્યા હતા,અને આ આંકડાઓ પાછળ ખ્રિસ્તી સ્કુલોએ કરેલ યોગદાનને મહત્વ અપાયું હતું.

આ વર્ષે ૨૧૩૭૧૦ છોકરીઓ (૫૦,૧૪ટકા)ફાયનલ એક્ઝામમાં બેસસે જ્યારે તેની સામે ૨૧૨૫૦૪ છોકરાઓ પરિક્ષામાં બેસસે.ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૪.૮ ટકા વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.

નેપાળ એજ્યુકેશન મીનીસ્ટ્રી દ્વારા અપાયેલ રીપોર્ટ પ્રમાણે સ્કુલમાં છોકરીઓની સંખ્યા વધી છે.જ્યારે છોકરાઓની સંખ્યા ઓછી છે.પ્રાયમરી અને સેકંડરી બે બાજુ આ આંકડાઓ છે.એક્સપર્ટના નિર્દેશો પ્રમાણે એક વાત ચોક્કસ છે કે કો-એજ્યુકેશનના કારણે ભણતરમાં છોકરીઓ ત્વરાથી આગળ વધી છે.અને બિશ્નુ કર્કી,એક્સપર્ટ આ બાબતે જણાવે છે કે જેસુઈટ દ્વારા સંચાલિત કેથલીક સ્કુલો અને મિશનરી ગ્રુપ દ્વારા ચલાવાતી સ્કુલો ભણતરની ગુણવત્તા સુધારી છે.ખ્રિસ્તીઓએ આ સ્કુલોમાં ઉચ્ચ શિક્ષણની કાળજી લીધી તેના કારણે વાલીઓ પોતાની દીકરીઓના ભવિષ્ય માટે સતેજ બન્યા.નેપાળમાં હિદું સમાજ છોકરીઓને ભણાવવામાં માનતો નથી.


**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


## ઉનાળુ વેકેશનમાં ખેલકુદ, ચિત્રકલા, સાહિત્ય માટે તાલિમ શિબિર યોજાશે

રાજ્યમાં ખેલકુદ,ચિત્રકલા,અને સાહિત્ય-સંસ્કૃતિ ક્ષેત્રમાં પ્રતિભાવંત ભાવિ પેઢીના નિર્માણ માટે ખેલ મહાકુંભમાં તાલુકા-જિલ્લા અને રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનારા ખેલાડીઓ તેમજ ચિત્રસ્પર્ધા,કાવ્ય લેખનમાં પાંગરતી બાળ પ્રતિભાઓના સર્વાંગી વિકાસ માટે આગામી મે મહિનામાં આવી રહેલા ઉનાળુ વેકેશનમાં રાજ્યવ્યાપી તાલીમ શિબિર યોજવાની જાહેરાત રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કરી હતી.

ગાંધીનગર યુવા પ્રતિભા પુરસ્કાર સમારંભને સંબોધતાં મુખ્યમંત્રીએ શિક્ષણની સાથે રમત-ગમત અને ઈતર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની જરુરીયાત પર ભાર મુક્યો. તેમણે ખેલકુદ,ઉચ્ચ શિક્ષણ,કન્યા કેળવણી નિધિ તથા સમાજ કલ્યાણની વિવિધ યોજનાઓના ૧૧૦૧ પ્રતિભાશાળી યુવાન-યુવતીઓને રુ.૮ કરોડના પુરસ્કારથી નવાજ્યા હતા.રાજ્યની સ્વનિર્ભર અને અનુદાનિત શ્રેષ્ઠ શાળાઓના સંચાલકો પોતાના નજીકના ક્ષેત્રની એક એક સરકારી શાળા દત્તક લઈને તેમાં પણ શૈક્ષણીક સવલતો પુરી પાડવાનું દાયિત્વ નિભાવે તેવો અનુરોધ કર્યો હતો

## દ્વારકા શારદાપીઠના પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વરુપાનંદ સરસ્વતીએ હિંન્દુઓની ઓળખ બાબતે પ્રશ્ન કર્યો

દ્વારકા શારદાપીઠ પીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીએ કહ્યું હતું કે જે લોકો ગૌમાંસ ખાય છે તેવા મુસ્લીમો પોતાની જાતને હિંદુ ગણાવે છે તો પછી હિંદુઓની ઓળખ શું રહેશે ?કેટલાક લોકો મુસલમાનોને હિંદુ બનાવવા માંગે છે, જો આવું થશે તો હિંદુઓની ઓળખનો અંત આવી જશે. જો ગૌમાંસ ખાનારા મુસ્લીમોને હિંદુ ધર્મમાં સમાવવામાં આવશે તો જેમને હિંદુ ધર્મમા કોઈ આસ્થા કે શ્રધ્ધા નથી તેવા લોકોને હિદુ ગણાવ્યા પછી હિંદુઓની ઓળખ શું રહેશે.વારાણસી ખાતે કેદારઘાટ પર તેમણે વિદ્યામઠના સનાતન પંચગાનુ વિમોચન પણ કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે જે લોકો હિદુ ધર્મમાં આસ્થા રાખ છે પણ કોઈ કારણોસર હિદુ ધર્મથી અલગ થઈ ગયાં છે તેઓ ફરી હિંદુ ધર્મ અપનાવી શકે છ અને તેમની હિંદુ ધર્મમાં ઘરવાપસી થઈ શકે છે.કેટલાક લોકોએ લાલચ,ગરીબી કે બળાત્કારને કારણે ધર્મ બદલ્યો છે તેવા લોકોની ઘરવાપસી શક્ય છે.

શંકરાચાર્યે સાઈબાબના ટ્રસ્ટ બાબતે કહ્યું હતું કે આરટીઆઈ દ્વારા મેળવેલી વિગતો મુજબ સાંઈ ટ્રસ્ટે લોકોને બેવકુફ બનાવીને પૈસા એકઠા કર્યા છે.આ ટ્રસ્ટ પાસે હાલમા જુદી જુદી બેકોમા ૧૩ અબજ જેટલી સંપત્તિ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.